

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૪ ટકા

**ગાંધીનગર તાપમાન**

# એસ.જી. અંગ્રેજી માધ્યમ શાળામાં 'કલા મૈત્રી મેળા'નું આયોજન



ગાંધીનગર, તા. ૧૨

સર્વવિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ. જી. અંગ્રેજી માધ્યમપ્રાથમીકશાળામા વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓમા રહેલી કલા ને ઉજાગર કરવાના હેતુ થી 'કલામૈત્રીllમેળા નુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ.જેમા ગણિત,વિજ્ઞાનના વિવિધ મૉડલોદ્વારા ગાણિતિક અને વૈજ્ઞાનિક અભિગમો વિકસિત કરવાનો પ્રયત્ન કર્યો.આર્ટ એન્ડ ક્રાફટ ગેલેરીમા ચિત્રકલા, હસ્તકલા, નેલઆર્ટ,મહેંદી તેમજ રંગોળી ના સુંદર નમૂના પ્રદર્શીત કર્યા હતા.આ ઉપરાંત આનંદ પ્રદાનના હેતુથી મેજીક શો, કઠપૂતલી શો અને વિવિધ વાદ્યો દ્વારા સંગીત ની સૂરાવલી રજૂ કરવામા આવી હતી. આનંદ યુક્ત જ્ઞાન મેળવવાના હેતુ થી ક્વિઝ કોમ્પિટિશન નુ આયોજન પણ કરવામા આવ્યુ હતુ.આ ઉપરાંત સ્વાદિષ્ટ ખાણીપીણી સાથે કાર્યક્રમ ને યાદગાર બનાવવાના હેતુથી સેલ્ફી પોઈન્ટ નુ પણ આયોજન કરવામા આવ્યુ હતુ. જેમાઆચાર્ય,શિક્ષકો,વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ ઉત્સાહ પૂર્વક જોડાઈ કાર્યક્રમ ને યાદગાર બનાવ્યો હતો.

## જન્મદિને વધામણી



વિમલ શુક્લ
મો. ૭૦૧૬૬ ૧૦૫૬૦



હાર્દી અમિતકુમાર રાવલ
મો. ૯૪૨૭૮ ૦૬૦૯૧

# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નિઃશુલ્ક યોગ વર્ગ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સંચાલિત જગ્યાએ જગ્યાએ યોગ વર્ગો શરૂ કરવામાં આવેલ છે. જેમાં સેક્ટર ૪ ગાર્ડન, ઓમકારેશ્વર મંદિર પાસે પણ છેલ્લા ત્રણેક વર્ષથી યોગ કોચ આશા મેહતા દ્વારા ચલાવવામાં આવી રહ્યા છે. જે સાંજે ૫:૦૦ વાગ્યાથી ૬:૧૫ સુધી ચાલે છે. જેમાં જુદા જુદા દિવસે જુદા જુદા આસનો, પ્રાણાયામ,રોગાનુસાર આસનો,અલગ અલગ હસ્યાંસાનો, દરેક તહેવાર ની ઉજવણી, મન કી બાત, સ્ત્રી સસ્કતિકરણ, ચેર યોગા, મેડિટેશન,એરોબીક્સ, જાણીતા યોગ ગુરુ નું પ્રવચન, સ્વાસ્થ્ય કેન્દ્ર માંથી મુલાકાતે આવતા ડોક્ટર્સ, જ્ઞાનસત્ર માં જુદા જુદા ટ્રેનર્સ દ્વારા આધ્યાત્મિક, મોટિવેશનલ સ્પીચ આપવામાં આવે છે.ટ્રેનિંગ લેનાર ને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવે છે તેમજ તે પોતે પણ પોતાના યોગ વર્ગ ખોલી શકે અને સાધકો તૈયાર કરી શકે છે .તો સર્વે લોકો ને યોગ કરી તંદુરસ્ત રહેવા સેક્ટર



૪ ખાતે માં યોગ વર્ગ માં આવવા અપીલ કરવામાં આવે છે.




માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા સેકટર ૪ ડી ખાતે આનંદ ના ગરબા નું આયોજન કરવામાં આવ્યું હતું.

## લાયન્સ કલબ ફેમીના દ્વારા આજે બમ્પર હાઉસીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરની જાણીતી સેવાભાવી સંસ્થા લાયન્સ કલબ ફેમીના દ્વારા ન્યુ ગાંધીનગર ખાતે ફીઝીઓથેરાપી સેન્ટર, સેવા મંદિર આકાર લેવા જઈ રહ્યું છે, જેના ઉપલક્ષમાં સેવાકીય પ્રવૃત્તિઓને વેગ આપવા અને વધારે લોકોને સેવાનો લાભ મળે તે દ્રઢ સંકલ્પ સાથે સેવા ભંડોળ એકત્ર કરવા બમ્પર હાઉસીની રમતનું આયોજન કરવામાં આવ્યું છે.



સ્ત્રીઓ દ્વારા સ્થાપિત અને સંચાલિત ફેમીના કલબ દ્વારા વંચિતો, ગરીબો, જરૂરિયાત મંદો માટે અનેક પ્રકારની સેવા કરવામાં આવે છે. ભૂખ્યાને ભોજન, કેન્સરના બાળ દર્દીઓને સહાય, મેડિકલ ચેક અપ કેમ્પસ, રક્તદાન કેમ્પ, ડાયાબિટીસ નિદાન કેન્દ્રો, નેત્રનિદાન, મોતિયાના મફત ઓપરેશન જેવા અનેક ક્ષેત્રે અવિરત સેવા ચાલતી રહે છે. હાઉસીથી મળનાર નાણાકીય સહાય માત્રને માત્ર સેવાકીય કાર્યો અર્થે જ વપરાશે.

આ સેવા કાયમી ધોરણે ચાલતી રહે એ હેતુથી ફીઝીઓથેરાપી સેન્ટરની સ્થાપનાનું આયોજન વિચારાયું છે. જ્યાં દર્દીઓને વ્યાજબી દરે મેડિકલ સેવા પૂરી પાડવામાં આવશે. સેક્ટર ૨૮ રંગમંચ ખાતે તા. ૧૩-૩-૨૩, સોમવારે સાંજે ૫.૦૦ વાગે શરૂ થનાર આ બમ્પર હાઉસીમાં જરૂરથી પધારવા ફેમીના ક્લબન કાર્યશીલ પ્રમુખ ડિમ્પલબેન દેસાઈએ સૌ નગરજનોને આમંત્રણ આપ્યું હતું. આ હાઉસીમાં ઈ. સ્કૂટર જેવા અનેક કીંમતી ઈનામોની સાથે બે લાખ રૂપિયાના અમૂલ્ય ઈનામો જીતવાની તક છે.

આ રમતમાં ભાગ લઈ સેવાના પ્રોજેક્ટમાં યોગદાન આપવા સંસ્થા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું.

# વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા 'કલરવોત્સવ ૨૦૨૩'ની ધામધૂમ પૂર્વક ઉજવણી

ગાંધીનગર, તા. ૧૨

વિદ્યાર્થીઓમાં રહેલી આવડત, આત્મવિશ્વાસ, કૌશલ્ય તથા ઉત્સાહ ને ઉજાગર કરવાનો મહોત્સવ એટલે શાળાનો વાર્ષિકોત્સવ. શાળા દ્વારા કરવામાં આવેલ કાર્ય તથા મહેનત નું દર્પણ એટલે શાળાનો વાર્ષિકોત્સવ. તો વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ દ્વારા "કલરવોત્સવ '૨૦૨૩" નો અનેરો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર નાં ડી.ઈ.ઓ.સાહેબ શ્રી ભગવાનભાઈ પ્રજાપતિ સાહેબ, જી.સી.ઈ.આર.ટી. નાં ડાયરેક્ટર સાહેબશ્રી ડી.એસ.પટેલ સાહેબ તથા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશવંતભાઈ પટેલ સાહેબશ્રી હાજર રહ્યાં હતાં. અને બાળકોને ઉત્સાહ પૂરો પાડ્યો હતો. શાળા દ્વારા ઉજવવામાં આવેલ આ કાર્યક્રમની ખાસ વિશેષતા એ છે કે જેમાં શાળાના તમામે તમામ ધોરણોના દરેક બાળકોએ ભાગ લીધો હતો. આ ઉત્સવ ને યાદગાર બનાવવા માટે શ્રેષ્ઠ કૃતિઓ જેવી કે, નૃત્યનાટીકા, કરાટે ,શિવતાંડવ, નિયોન ડાન્સ, લીલીપુટ ડાન્સ, રામલીલા, પ્રકૃતિ બચાવ નૃત્ય વગેરે ની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવનાર એવા ફેકલ્ટીઝ તથા ઉત્સાહમાં વધારો કરવા માટે સહકાર આપનાર વાલીઓનો શાળા પરિવાર તરફથી આભાર માનવામાં આવ્યો હતો અને બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.




# વિકાસની રાહે આગળ વધવા સાથે સુવિધાઓની વાટ નીરખતું વાવોલ

**વાવોલમાં ચાલી રહેલા વિકાસ કાર્યો સાથે કેટલીક પાયાની સુવિધાઓનો અભાવ અને જુની સમસ્યાઓની પીડા છે : રોડ-રસ્તાં, સ્ટ્રીટ લાઇટ, વારંવાર ખોટકાતી વિજળી, બાગ-બગીચા અને સિટીબસની સુવિધાનો અભાવ સાથે વર્ષો જુની રેલવે ફાટકની સમસ્યા**




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં નવા નવા સમાવાયેલા વાવોલ ગામ તેમજ આસપાસના નવા વિકસી રહેલાં વિસ્તારમાં વિકાસની ગાડી ગતિ પકડવા મથી રહી છે પરંતુ હજુ પણ પાયાની અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતી સુવિધાઓના અભાવને પગલે તેને જોઈએ તેવી ગતિ મળી રહી નથી. વાવોલ ગાંધીનગરના શહેરી વિસ્તારની સૌથી નજીક વસતો ગુડા વિસ્તાર હતો તેમ છતાં આ વિસ્તારમાં કુડાસણ-સરગાસણ જેવી સુવિધાઓ મળવામાં વિલંબ થયો હોવાનું ગ્રામજનો અનુભવી રહ્યાં છે. વાવોલ એક પ્રાચીન વિરાસત ધરાવતું ગામ છે જ્યાં સદીઓ જુનું સિદ્ધનાથ મહાદેવનું મંદિર, એકમાત્ર સફેદ મૂર્તિ ધરાવતું મહાકાળી માતાનું મંદિર, ગાંધીનગરનું એકમાત્ર લક્ષ્મીનારાયણ મંદિર, ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમુ રામધામ વગેરે એક સમૃદ્ધ વારસો ધરાવે છે. જોકે "દેર આયે દુરસ્ત આયે"ની જેમ હવે વાવોલ વિસ્તારમાં વિકાસની ઝડપ વધી રહી છે પરંતુ તે સાથે હજુ પણ અનેક સમસ્યાઓના ઉકેલ અને સુવિધાઓ માટે વાવોલ વાટ જોઈને બેઠું છે.

વાવોલમાં સારી શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી દવાખાના કે કોમ્યુનિટી હોલ અથવા સ્પોર્ટ્સ સંકુલો ઉપરાંત સામુહિક જાહેર પરિવહન સુવિધાની મહત્વની જરૂરીયાત વર્તાઈ રહી છે. શાલીન સોસાયટી નજીક જોગણીમાતાના મંદિર પાસેના વાવોલ-કોલવડા ચાર રસ્તા જેને કેટલાંક પુન્દ્રાસણ ચોકડી તો બાજુમાં શાલીન ૧,૩,૪,૫ અને ૬ નંબરની સોસાયટીઓ હોવાથી શાલીન ચોકડી તરીકે પણ ઓળખે છે.સતત ટ્રાફિકથી ધમધમતી આ ચોકડીએ પર ભારે વાહનોની અવરજવર ઉપરાંત ચોકડી નજીક અનેક રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી અહીંના રાહદારીઓ તેમજ સામાન્ય નાના વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિ સર્જાઇ રહી છે. ખાસ કરીને પીક અવર્સ અને શાળાઓ શરૂ થવા છુટવાના સમયે નાના ભૂલકાઓને લઈને શાળાએ ટુ-વ્હિલર્સ પર લેવા મૂકવા જતી મહિલાઓની પાંચ રસ્તાના જંતરમંતરમાં ભારે વાહનો વચ્ચે દયનીય હાલત થાય છે જે ક્યારેક કોઈ ભૂલકાંનો કે તેની માતાનો ભોગ લે તે પહેલાં સર્કલ બનાવાય તે જરૂરી છે. વાવોલ-કોલવડા ચાર રસ્તા નજીક પુન્દ્રાસણ તરફના માર્ગે જતાં કેનાલ પર બનાવાયેલું ગરનાળાની એક તરફના ભાગે રોડનું ધોવાણ થઈ રહ્યું છે જેના કારણે સતત ટ્રાફિકથી ધમધમતાં આ માર્ગે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. આ માર્ગ પર ભારે વાહનોની અવરજવર ઉપરાંત ચાર રસ્તા નજીક અનેક રહેણાંક સોસાયટીઓ આવેલી હોવાથી અહીંના રાહદારીઓ તેમજ સામાન્ય નાના વાહનચાલકો માટે પણ જોખમી સ્થિતિ જોવાઈ રહી છે.









વાવોલના યુવા અગ્રણી ઘનશ્યામસિંહ ગોલના જણાવ્યાં અનુસાર વાવોલમાં મોટાભાગના રસ્તા ખોદકામના કારણે ઉબડખાબડ બન્યાં છે. મોટાભાગની સોસાયટીઓમાં નર્મદાનું પાણી મળતું નથી. વાવોલની એક માત્ર ટીપી-૧૩નું આયોજન ત્રણ મીટર ઊંચાઈવાળા ઈમારતોને ધ્યાનમાં રાખીને થયેલ હતું પરંતુ બિલ્ડરો અધિકારીઓ અને રાજકારણીઓની સાઠગાંઠથી હાલમાં ૧૫ મીટર સુધીની ઊંચાઈવાળા ઈમારતોની પરમિશન મળેલ છે પરંતુ તે પ્રમાણેના રોડ રસ્તા ગટર અને બેઝિક સુવિધાઓનો સંપૂર્ણપણે અભાવ વર્તાય છે. વાવોલ ગામની આસપાસ આવેલા ઈંટોના ભઠ્ઠાના કારણે હવા ખૂબ જ પ્રદૂષિત છે. સીટી બસની કોઈ વ્યવસ્થા નથી. સ્મશાન વિકસિત ના હોવાથી અંતિમવિધિ માટે લોકોને સેક્ટર-૩૦ અથવા સરગાસણ સુધી જવું પડે છે. સે.૫ તરફના સાંકડા ફાટકને કારણે ઓફિસ સમય દરમિયાન ખૂબ જ ટ્રાફિક થાય છે જે ઘણીવાર ખ રોડનું બ્લોક થવાનું કારણ બને છે. આ રેલવે ફાટક એમજ રાખી તેની બન્ને બાજુના લોખંડના બેરીકેડ્સના થાંભલા અને લાઈટના પોલ પાછળ હટાવી લેવાય તો સમસ્યામાં રાહત મળે તેમ છે.

● અનુસંધાન પાના ૭ પર

"વાવોલમાં રેલવે ફાટકથી એમ બી પટેલ હાઈસ્કુલ સુધી ફોનલેન રોડનું કામ ચાલી રહ્યું છે, આધુનિક આરોગ્ય કેન્દ્ર વિકસાવાઈ રહ્યું છે તેમજ કોમ્યુનિટી હોલ અને લાઈબ્રેરી પણ વિકસાવાશે. આ ઉપરાંત વાવોલ ભાગોળ વિસ્તારમાં મહાકાળી મંદિરે તળાવને રી-ડેવલપ કરી તેની પાસે બગીચા સાથે એમ્યુઝમેન્ટ પાર્ક, સિનિયર સિટીઝન પાર્ક, ફૂડ કોર્ટ સહિત અધ્યાધુનિક બનાવવાનું કાર્ય પ્રગતિમાં છે. વાવોલમાં નવા બનાવેલા ૪૫ મીટરના આરસીસી રોડને જોડતા એક્સ્ટેંશન માર્ગ પર રેલવે ઓવરબ્રિજ માટે મંજૂરી માંગી છે જે ખ-૨ સાથે જોડાશે. આ ઉપરાંત વાવોલમાં શાંતિવન સોસાયટી પાસે બગીચાનું નિર્માણ કરાશે".

**- પ્રેમલસિંહ ગોલ :**
**ડેપ્યુટી મેયર તેમજ સ્થાનિક કોર્પોરેટર**

"વાવોલ ગામમાં રસ્તાઓ પર લાંબા સમયથી પડેલા મોટા ખાડાઓના કારણે આ વિસ્તારના વાહનચાલકો અને આસપાસનાના વસાહતીઓને ખૂબ જ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. હરીનગર ફાટકથી ભાગોળ તરફ જતો માર્ગ દબાણો દૂર કરીને પહોળો કરવો જોઈએ. હરીનગર પાસેના રેલવે ફાટક દિવસમાં અનેકવાર થતાં ટ્રાફિક જામને નિવારવા અન્ડરપાસ બનાવવો જરૂરી છે. ૨૨ વર્ષથી નથી થયો તે ગામના તળાવનો યોગ્ય વિકાસ કરવો જોઈએ પરંતુ જે રીતે ગરીબો અને મધ્યમવર્ગીય નાગરિકોના વર્ષો જુના ઘર-દુકાનો તોડવાની નોટીસો અપાઈ છે તે ગેરવ્યાજબી છે તે માટે તેમની સાથે ચર્ચાવિચારણ કરી તેમને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવી જોઈએ. ગામમાં નિષ્પક્ષ સર્વે કરાવી ગરીબો સાથે માલેતુજારોના દબાણો પણ દૂર કરવા જોઈએ".

**- કચરાજી ગોલ -**
**અગ્રણી અને હરિનગર સોસાયટીના પ્રમુખ**

"વિકાસ સાથે વાવોલની વિરાસતની જાળવણી પણ થાય અને તે સાથે તેને વધુ વિકસાવીને ઉજાગર કરવી જોઈએ. આ ઉપરાંત વાવોલ વિસ્તારમાં નર્મદાના નીર પંહોચ્યાં નથી, અનેકવાર વિજળી ખોટકાવાની સમસ્યા સતાવે છે. વાવોલમાં સારુ આરોગ્ય કેન્દ્ર અને સેક્ટરની જેમ બાગ-બગીચા વિકસે તે જરૂરી છે. આ સાથે સમગ્ર વાવોલ વિસ્તારમાં શ્રમિકો, વિદ્યાર્થીઓ, નાના-મોટા નોકરિયાતો, વેપારીઓ સહિતના મધ્યમ વર્ગીય પરિવારોની સંખ્યા વધી છે પરંતુ બીજી તરફ હજુ પણ આ વિસ્તારને જોડતાં એકલ-દોકલ સિટી બસના રૂટને બાદ કરતાં સિટી બસ સેવાના જાહેર પરિવહન સેવાને નામે મીંડુ જ છે તેથી સત્વરે સીટી બસ સેવા વધારવી જોઈએ".

**- સંજયભાઇ પંડ્યા - અગ્રણી, વાવોલ વિસ્તાર વિકાસ સમિત**

## વિવેકાનંદ કૉલેજ ઓફ કોમર્સ ખાતે પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા,૧૨

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને વિવેકાનંદ કૉલેજ ઓફ કોમર્સ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે શનિવારે 'ગુજરાતી ભાષા કૌશલ્યની સાંપ્રત સમયમાં ભૂમિકા' એ વિષય પર એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો.

બીજરુપ વકતવ્યમાં પદ્મશ્રી ડૉ. પ્રવીણભાઈ દરજીએ ગુજરાતી ભાષાના ભવ્ય ભૂતકાળને યાદ કરીને તેના સંવર્ધનની જવાબદારી ભજવવાનો આગ્રહ કર્યો હતો. પ્રો. ડૉ. નિયતી અંતાણીએ ગુજરાતી ભાષાની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગીતા સમજાવી હતી. પ્રો.ડૉ. નિસર્ગ આહીરે ગુજરાતી ભાષાનો અભિનય, વાંચન, લેખન ઉપયોગ સમજાવ્યો હતો. વિવેકાનંદ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. ભાસ્કર શુક્લએ પરિસંવાદની ભૂમિકા રજૂ કરી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. વિજેતાકુમારીએ કર્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યા પરિસંવાદમાં ભાગ લીધો હતો. આભાર પ્રવચન ડૉ. હરેન શુકલએ કર્યું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ઉ.વ. ઝાલા બળવંતસિંહ દલપતસિંહ -ઉ.વ. ૬૯, ગાંધીનગર
- સ્વ. પરમાર કમળાબેન નટવરભાઈ -ઉ.વ. ૭૫, રાંધેજા
- સ્વ. ઠાકોર ભરતજી પોપટજી - ઉ.વ. ૫૩, મોટી આદરજ